DESHI-SAMAJ

PATRONIZED BY H. H. GAIKWAR

શ્રી નવીન

મ્યુનીસીપલ ઈલેક્ષન નાટક
ગાયનો.

શ્રીમન્ત ગાયકવાડ સયાજીરાવ મહારાજાશ્રિત

શ્રી દેશી નાટક સમાજને માટે

રચી પ્રસિદ્ધ કરનાર

ઝવેરી ડાહ્યાભાઇ ધોળશાજી

માજી સંસ્કૃત શિક્ષક મિશન સ્કુલ-અમદાવાદ.

આવૃત્તિ ૧ લી.

અમદાવાદ

ડીઆચો 'ત્રિભુવન' પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યો.

સંવત્ ૧૯૫૧-સને ૧૮૯૫.

કીં. રૂ૦-૧-૦

D. D. DALAL.

શ્રી પરમાત્મને નમઃ

શ્રી નવીન

મ્યુનીસીપલ ઇલેક્ષન નાટકનાં ગાયનો.

(૧)

થાવસ હું કમીશનર, જાને ગવરનર,
જીલ્લા આખાનો, આય જીલ્લા આખાનો—
બેસી ફેતીનગાં, જવાનો હોલગાં,
રોફથી ને ન્યુ ફેસનમાં. થાવ૦
તું થાવાની બાઈસાબ, હું તો બડે સાબ,
બે ચાર પાંચ દીનગાં, આય બે ચાર પાંચ દીનમાં
મોટાથી સેકહેન્ડ, ન્હાના ને સલામ,
આમ રોફથીને દગગાં. થાવ૦
ખાનસાબ ખાનસાબ કહેવાના સઘળા,
ગોરાને કાલા, આય ગોરાને કાલા,
હાહા મ્હેરડીયર, હાહા મ્હેરડીયર હાહા.

(૨)

મેં સાબકા હું બટલર ઓર હીરકા માય નેઇમ,
હીરકા માય નેઇમ ફ્રોમ કોચરબ આઇકેઇગ—મેં૦
ઢેડાના પંચગાં ઠર્યો હું શેઠીયો,

(૨)

સાહેબને પૈસે ભરી પટારા પેટીયો,
હાથે છે હેગના વેઢને વીંટીયો,
વોટર હું પાંચમાં પૂછાતો થાયો— મેં૦
ધોતો તો ધૂળ હું લઈ એક સુપડી,
રહેવાને ન્હોતી ભંગી શી ઝુંપડી:
ટોપલા ઉપાડી માથે ટાલ આ પડી,
આજ હું લાડં મારી હીરકી લેડી— મેં૦

(૩)

લાભ મોટો આપણને કમીસનર થયા શેઠ સ.બજો,
શેઠ બંદા બજાવશે નામના એ રાવસાબતો
લેશું લબડધક્કે લાલ (૨) કેવી પડશે મુલ્લા તાલ (૨)
બંદાલાલ થાશે ન્હાલ (૨) મારી ખાવાના માલ— લાભ૦
કાને ઠેઠ દઇએ શેઠને નહિં કંઈ આવવા,
એતો બારેબાર આશા આપી રોકડાજ આપણે પતાવવા
કહેવું થશે તારૂં કામ (૨) દેઇને પુરેપુરી હામ,
પ્હેલા મુકાવવા દામ,
રહીને ગોટાની મદદમાં સ્વાર્થ આમ ભાઇસાબ સાધવા-લાભ૦

(૪)

યારો દેખો કમ્બખ્તી ઓરતકી,
મીયાં હુક્કા ઉઠાય, બીબી બજારકું જાય. યારો૦

(૩)

બચ્ચે ભુક્કે મારે રૂઓ રાતમેં,
મીયાં ગર રહેહે દેખો અમીરાતમેં,
સારા દીન જાવે નિશાબાઝી બાતમેંરે. યારો૦

કર કે કરજ મીયાં રહેવે ઠાઠમેં,
પાઈ આખી જગા નહીં ગાંઠમેં,
બનીઆ બ્યાજ બ્યાજ કરકે મારે ટાટમેંરે. યારો૦

(૫)

મઝા મઝારે મઝા, (૨) તમો કમીસનરને થાવસ હું લેડી
વાહ્ મીગેજ કેવી મઝા, મઝા૦
ડીયર ડીયર રેડીયર, (૨) બેસી ફેતીનમાં ને ફરસું સાહેરમાં
લ્હેરમાં મ્હેર મીડીયર, ડીઅર૦
ઓલરાઈટ ઓલરાઇટ મીડીયર, (૨)ચાલવું આમને સેવી
સલાગ આગ ઓલરાઇટ મીડીયર

(૬)

લાગે ગરજ ગળી (૨) સરરર પડે બાપ શેરડો,
જ્યારે ગરજ ટળી (૨) અરરર બેસે થઇ નમેરડો—
કામ સાધી લે કહીને ભાઇ ભાઈ,
નહીં પોતે પરખાવે પછી એક પાઇ,
આને મારવાને પોતે ધાઈ ધાઇરે. લાગે૦
ખોટા ગાનેશા કહો શું ખાટીયે,

ઠાલા માન ઉને પાણી ઉકાળીયે,
પાઈ પાઈ કમાઇ ગાંઠે ગાંઠીયે,
એ વિદ્યા ભણાવી મહેતાજીએરે. લાગે૦

(७)

મારવારશેં આયા પરે, લે ખાંભે લોટા દોરી,
ફરી કોથળો શો રૂપીઆરી દોલત જાતે જોરી.
ફરી શીખારૂં આરતીયારો ધંધો મેં આદરીયો,
ભગવતજીરી કીરપાથી ભાઇ પાશો શવળો પડીયો.
પારેખ રાખ્યા પોંચ, ખોલી રાખી હાચ,
દોલત ઝાઝી જમા કરીને લાડીજી પરણીજીયો. ૧
પુનમચંદજી પોંચ જણામેં પંકાયો પોશાયો,
વેપારીમાં માન આબરૂ શારી રીત કમાયો,
વોટરમાં સે નામ, સૌ દામરાંસે કામ,
ઠર્યાં ઠાવકો મારવાડી હું શાણો શેઠ ગણીજીયો.—મારવા.

(८)

કેમ કેવો પુછાયો ભાવ, એતો આપણો આવ્યો દાવ,
લ્હેર કેવી વોટર થયે લાલાજી કેમ.
લે દોસ તાલી, જાણે વિવાહ મ્હાલી,
મુંપણ કેસો ફક્કડ વાણીયો, વાણીયો નહીં પણ પુરો ગણીયો,
દુધવાળાનો પણ છે કેવો, આ આસરમાં દહાડો વળીયો,

હો હું આ ચાલી, ઉભી રહે અલી પાલી,
બેશ મારા પીટયા, ઓય ઠણુકો, વાહ ભપકો. કેમ.

અંક પ્હેલો સમાપ્ત.

અંક બીજો.

(૯)

ભોંગ મારાં લાગ્યાં કે વોટર થયો મ્યુન્સીપાલગાં,
પડી મુંકી ઘરાકી હું ફસાઈ પડયો જંગલમાં;
લબડધક્કે લે આમ (૨) મારે ધપ્પા ઓ રામ, (૨)
નથી ઠરવાનું ઠામ, ન થાય આમ કે આમ. ભોગ૦
એક ખેંચે મને આમ, બીજો ખેંચે મને આમ,
જાણે રાયઓ ઓ રામ,
મુકી ગજને કાતર ક્યાં આવ્યો ઓ!બાપ આ ડાગમાં. ભોગ૦

(૧૦)

બોલ માં બોલ માં બોલ માં ચુપ
એવા શેઠીયાનું નામ કદી બોલ માં. એ ટેક.
ગરીબ બધાને સમજે ગુલામ જે,
ખાવાનું તાકે હરામમાં—
રોફમાં દબાવી કામ સાધે મફતમાં,

જોવું ન ન્યાય કે અન્યાયમાંરે—એવા૦
રાજાને રીઝવીને રાંકાને પજવી,
તાકે જે લેવુંજ તમામમાં—
નબળાના બાપ ને બળીઆના બેટા,
કાનના કાચા વાંકા વાત વાતમાંરે—એવા૦

(૧૧)

હમ ક્યા કરેગા શેમ્પેન પીએગા
  લાવરે બોટલ જલ્દી લાવ,
વેલ માય ડીયર ધીસટુ યોર હેલ્થ,
ઓલ રાઈટ ડીઅર હાહાહા—
યસ કમીસનર, ફરીશું માનભર,
કેમ વારૂ દોસ્ત યસ ઓફકોર્સ.
વેલ માયડીયર૦

(૧૨)

હાય આવા સુધારાના નામને,
બોળે બાપનું જે નામ (૨) હાય૦
પુરા પોતે હજારે પાપમાં,
દાબે સઉને સુધારાના તાપમાં,
સેવે બહુ અનાચાર, (૨) વળી કરે વ્યભિચાર, (૨)
નિશા બાજી અપાર. હાય૦
ઉંચુ નિશામાંથી નહીં ન્યાલશે,

થઇ કમીશનર લીધું શું વાળશે.
જો જો જો જો ઓ યાર, (૨)આવા ધુમે આ ર.(૨)
થાવા મેમ્બર આ વાર — હાય૦

(૧૩)

જો જો સફાઇ સુધારાની (૨)
સંસાર સુધરવો હાલ, હીંદુઓ માંહિ. જોજો૦
બધરી ફરતી પગે ઉઘાડે ન્હોતી કંઇ ગણુતી.
બુટ સ્ટોકીંગ પ્હેરીને આજે થઇ હરતી ફરતી,
ઘરમાં રહી ગોંધાઇ બિચારી અકળાઇ મરતી,
આજે ડીયરની સાથે રહીને સ્હેલ સપાટા કરતી, સંસાર.. જોજો
ઘુમટો તાણીને બધરી બિચારી સઘળાથી ડરતી,
રાણીજીનું રાજ્ય થતાં બાઇ મોજ પુરી મળતી.
વેલ ડન મીડીયર (૨) હા હા હા હા

(૧૪)

જેને તેને થવું કમીશનર આતે શું કહેવાય,
વગ સગ જોઇએ પૈસા જોઇએ ભટજી તો પ્હોંચાય.
ઘાંચી કહેશે થઉં હું કમીશનર મોચી કહેશે હું,, ૧
કાળા અક્ષર કુટી મારે તે કહેશે કે હું
જાઓ જમો મ્હારાજ જઇને લાડુ રૂડીપેર,
જજમાનોની મ્હેર થકી છે ભટજી લીલા લ્હેર.

મ્હેનત કેવી પડે છે કરવી પૂછો આ પારેખને,
મ્હેતાજી કંઇ નથી અજાણ્યા જાણોછો એ દખને,
ઓ ગારા ભગવાન, આવું ન જોઇએ માન. જોગ૦

[૧૫]

બીબી મેં મર ગયા ઓ હાય,
આહાહાહા ઓહોહોહો,
કયરૂં કેયા હુવા, હાય સત્યાનાશ ગીયા. બીબી૦
કમીશનર હોનેકી બીબી હાયરે ઉમીદમેં,
કર્જ કિયા ગર્જરખી બનીયુંકી ન હાય. બીબી૦
ફાયદા હાંસીલ યહ દેખો મીયાંજી મુગતસેં,
અબી મેં બીબી કભી ન કરૂં મીયાં કે ચાંદેચાંદ. બી૦

સમાપ્ત.